**પોલીસ કમિશ્નર કચેરી, રાજકોટ શહેર, રાજકોટ.**

**લાયસન્સ બ્રાન્ચ**

રેષકોર્ષ રીંગ રોડ, રાજકોટ. ફોન નં. :- ૦૨૮૧ - ૨૪૭૨૪૮૪.

ક્રમાંક : રાજ/સીપી/એલ.બી.-૨/બીઆરટીએસ/ ૩૬૬૫ /૨૦૧૧ તા.૨૯/૦૮/૨૦૧૧

## જાહેરનામું:-

રાજકોટ મહાનગર પાલિકા ધ્વારા જે.એન.એન.યુ.આર.એમ યોજના અંતર્ગત રાજકોટ બી.આર.ટી.એસ પ્રોજેકટ શરૂ કરવામાં આવેલ છે. સદરહું પ્રોજેકટ પૈકી હાલ ગોંડલ રોડ ચોકડી થી માધાપર ચોકડી સુધીનાં ૧૫૦ ફુટ રીંગ રોડ પર બ્લુ કોરીડોર પાઈલોટ પ્રોજેકટની કામગીરી પુર્ણ થયેલ છે અને તે રૂટ પર તા.૧/૭/૧૧ થી ટ્રાયલ રન શરૂ કરવામાં આવેલ છે.

આ બાબતે કમિશ્નરશ્રી રાજકોટ મહાનગર પાલીકાએ તેમનાં તા.૫/૭/૨૦૧૧નાં પત્ર ક્રમાંક: રામનપા/જે.એન.એન.યુ.આર.એમ/તા.૨/૬/૧૧ થી જણાવેલ છે કે, સદરહું બી.આર.ટી.એસ-બસલેન (કોન્ક્રીટ રોડ) ફક્ત બી.આર.ટી.એસ માટેજ બનાવવામાં આવેલ છે. બસ લેનની અંદર પ્રાઈવેટ વાહનો ચલાવવા પર તથા પાર્કીંગ પર પ્રતિબંધ આવશયક છે. તદુપરાંત એમ.વી લેન, સાયકલ ટ્રેક તથા ફુટપાથ પર પ્રાઈવેટ વાહનો તથા કારમેળાનાં આયોજકો ધ્વારા વાહનો પાર્ક કરવાનાં કારણે તૈયાર કરવામાં આવેલ રસ્તાનો મહત્તમ ઉપયોગ થઈ શકતો નથી જેના કારણે ટ્રાફીક સમસ્યા ઉદભવે છે.

લોકોને પડતી આ મુશ્કેલી નિવારવા તથા બી.આર.ટી.એસ-બસલેન (કોન્ક્રીટ રોડ) નો તેના હેતુ મુજબ મહત્તમ ઉપયોગ થઈ શકે તે માટે ગોંડલ રોડ ચોકડી થી માધાપર ચોકડી સુધીનાં ૧૦.૭ કી.મી.નાં આ બી.આર.ટી.એસ બ્લુ કોરીડોરને "નો પાર્કીંગ ઝોન" જાહેર કરવાનું તથા બી.આર.ટી.એસ-બસલેન (કોન્ક્રીટ રોડ) અંદર પ્રાઈવેટ વાહનો ચલાવવા પર તથા પાર્કીંગ કરવા પર પ્રતિબંધ મુકવાની આવશ્યકતા જણાય છે.

સબબ હું ગીથા જોહરી, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, મને મળેલ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) થી મળેલ સતાની રૂઈએ ગોંડલ રોડ ચોકડીથી માધાપર ચોકડી સુધીનાં ૧૦.૭ કી.મી.નાં આ બી.આર.ટી.એસ બ્લુ કોરીડોરને "નો પાર્કીંગ ઝોન" જાહેર કરૂ છું તથા આ બી.આર.ટી.એસ-બસલેન (કોન્ક્રીટ રોડ) અંદર પ્રાઈવેટ વાહનો ચલાવવા પર તથા કોઈપણ પ્રકારનાં વાહનો પાર્કીંગ કરવા પર પ્રતિબંધ મુકુ છું.

આ હુકમનાં ભંગ બદલ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ પગલા લેવામા આવશે.

આજ રોજ તા.૨૯/૦૮/૨૦૧૧ ના રોજ મારી સહી તથા સિકકા કરી જાહેર જનતાની જાણ માટે બહાર પાડેલ છે.

(ગીથા જોહરી)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર

**નકલ જયભારત સાથ રવાના:-**

૧. અગ્ર સચીવશ્રી, ગ્રુહ વિભાગ ગુજરાત સરકાર સચિવાલય, ગાંધીનગર.
૨. પોલસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
૩. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી, રાજકોટ.
૪. જીલ્લા મેજી.શ્રી, રાજકોટ.
૫. કમીશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલીકા, રાજકોટ.
૬. નાયબ પોલીસ કમીશ્નરશ્રી, રાજકોટ શહેર.
૭. મદદનીશ પોલીસ કમી.શ્રી, પુર્વ / પશ્ચિમ વિભાગ, રાજકોટ શહેર.
૮. વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. રાજકોટ.
૯. જયુ.ફ.ક.મેજી.શ્રી, ટ્રાફીક કોર્ટ, રાજકોટ.
૧૦. સંયુકત માહિતી નિયામકશ્રી, રાજકોટ ( ૬ નકલમાં )

૨/– આ જાહેરનામાને બહોળી પ્રસિધ્ધિ અપાવવા સારુ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા માટે.

૧૧. સબ ડીવીઝનલ મેજી.શ્રી, રાજકોટ.

૧૨. વ્યવસ્થાપકશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી વિભાગ, રાજકોટ.

૨/– આ જાહેરનામું ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂં.

૧૩. જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ.

૧૪. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ.

<u>નકલ રવાના:–</u>

૧. પો.ઈન્સ.શ્રી,એ.ડીવી/બી.ડીવી./ભ.નગર/મા.નગર/રા.તાલુકા/પ્ર.નગર/ગાંધીગ્રામ/થોરાળા/કુવાડવા રોડ/મહિલા પો.સ્ટ,રાજકોટ શહેર.

૨ /– જાણસારૂ

૨. પો.ઈન્સ.શ્રી, ટ્રાફિકશાખા, રાજકોટ શહેર. ( ૧૦ નકલમાં )

૩. ઈન્ચાર્જશ્રી, પોલીસ કંટ્રોલ રૂમ, રાજકોટ શહેર. ( ૧૫ નકલમાં )

૨/– વર્તમાન પત્રમાં મોકલવા સારૂં.

૨૧૫૪

૩૧-૬-૧૧